# વ્યક્તિ વિશેષ

| | | |
|---|---|---|
| 1. | ગૌતમ બુદ્ધ(ઈ.સ.પૂ.563-483) | બૌદ્ધ ધર્મના પ્રવર્તક,જન્મ લુમ્બિની ગામમાં ,સત્યની શોધ ખાતર ગૃહત્યાગ કરી ગયામાં પીપળાના વૃક્ષ નીચે જ્ઞાન પ્રાપ્ત કર્યું.પ્રથમ ઉપદેશ સારનાથમાં આપ્યો. |
| 2. | મહાવીર સ્વામી (ઈ.સ.પુ.540-468) | મૂળ નામ વર્ધમાન ઋજુપાલિકા નદીકિનારે સર્વોચ્ચ જ્ઞાનની પ્રાપ્તિ કરી.જૈન ધર્મના પ્રચારક અને જૈન ધર્મના ચોવીસમાં તીર્થંકર. |
| 3. | ચંદ્રગુપ્ત દ્વિતીય વિક્રમાદિત્ય | ચંદ્રગુપ્ત દ્વિતીયના સમયમાં ગુપ્ત સામ્રાજય ચરમ સીમાએ પહોચ્યું.તેના દરબારમાં કાલિદાસ,વરાહમિહિર વગેરે નવરત્નો હતા.ચીની મુસાફર ફાહિયાને ભારતની મુલાકાત લીધી. |
| 4. | સમુદ્રગુપ્ત | મહાન યોદ્ધો અને કુશળ સેનાપતિ, ભારતના નેપોલિયન તરીકે ઓળખાય છે. |
| 5. | પૃથ્વીરાજ ચૌહાણ | પૃથ્વીરાજ ચૌહાણ(ત્રીજો)દિલ્હીની ગાદી પર શાસન કરનાર છેલ્લો પ્રતાપી રાજપુત રાજા.1192માં તરાઈનના બીજા યુદ્ધમાં મોહમ્મદ ઘોરીના હાથે પરાજય થયો. |
| 6. | જહાંગીર | મુઘલ સમ્રાટ.મુળ નામ સલીમ.શ્રેષ્ઠ પક્ષીવિદ.શીખોના પાંચમા ગુરુ અર્જુન દેવને મૃત્યુદંડ આપી તેમની બધી સંપત્તિ જપ્ત કરી. |
| 7. | મહારાણા પ્રતાપ | ઉદયપુરના વીર શિરોમણિ મહારાણા પ્રતાપે આજીવન સંઘર્ષ કરી અકબરની શરણાગતિ ન જ સ્વીકારી. |
| 8. | રાણા સાંગા | ચિતોડનો મહાપ્રતાપી રાજા.રાજા સંગ્રામસિંહે દિલ્હી પર ભગવો લહેરાવાની આકાંક્ષા સેવી હતી,ખાનવા યુદ્ધમાં બાબરને જોરદાર ટક્કર આપી. |
| 9. | ચંદ્રગુપ્ત મૌર્ય | નંદવંશનો નાશ કરીને ઈ.સ.પુ.322માં મગધની ગાદી પર બેસી મૌર્ય વંશની સ્થાપના કરી.જૈન મુનિ ભદ્રબાહુ પાસેથી જૈન ધર્મની દીક્ષા લીધી. |
| 10. | કનિષ્ક | કુષાણ વંશનો પ્રતાપી રાજા.જેણે ઈ.સ.78માં શક સવંતની શરૂઆત કરી,બૌદ્ધ ધર્મનું રક્ષણ કર્યું. |
| 11. | હર્ષવર્ધન | પુષ્યભૂતિ વંશનો પ્રતાપી અને અંતિમ શાસક. બાણભટ્ટ અને મયુર જેવા કવિઓનો આશ્રયદાતા.તેમજ નાગાનંદ અને રત્નાવલી-સંસ્કૃત નાટકોનો સર્જક. ચીની મુસાફર હુ-એન-સંગે તેના દરબારની મુલાકાત લીધી હતી. |
| 12. | રઝિયા બેગમ | દિલ્હીની ગાદી પર શાસન કરનાર પ્રથમ મહિલા. |
| 13. | સિકંદર લોદી | લોદી વંશનો પ્રતાપી શાસક, જેણે 1504માં આગ્રા શહેરની સ્થાપના કરી. |

ANGEL ACADEMY GANDHINAGAR 7575 072 872

| | | |
|---|---|---|
| 14. | શાહજહાં | મુગલ સમ્રાટ જેણે મુમતાજની યાદમાં તાજમહેલનું નિર્માણ કરાવ્યું. તેનો શાસનકાળ મુઘલકાળનો સુવર્ણયુગ ગણાય છે. |
| 15. | મિનાંડર કે મિલિન્દ | યવનોમાં સૌથી પ્રતાપી શાસક હતો,જેણે ભારતમાં ગ્રીક શાસનને સ્થિર બનાવ્યું. |
| 16. | રુદ્રદામન પ્રથમ | શક વંશનો સૌથી પ્રતાપી શાસક હતો.જેણે ગિરનારમાં સંસ્કૃત ભાષામાં પોતાનો શિલાલેખ કોતરાવ્યો હતો. |
| 17. | ચંદબરદાઈ | પૃથ્વીરાજ ચૌહાણ(ત્રીજા)નો દરબારી કવિ હતો,તેણે પૃથ્વીરાજ રાસોની રચના કરી. |
| 18. | રાજા ભોજ | પરમાર વંશનો સૌથી લોકપ્રિય શાસક પોતાની વિદ્વતાને લીધે કવિરાજ તરીકે ઓળખાયો. |
| 19. | સિદ્ધરાજ જયસિંહ | સોલંકી વંશનો સૌથી વધુ લોકપ્રિય અને પ્રતાપી રાજા, જેણે માળવાના રાજા યશોવર્માને હરાવ્યો હતો. |
| 20. | ધર્મપાલ | પાલવંશનો રાજા ધર્મપાલે વિક્રમશીલા વિદ્યાપીઠની સ્થાપના કરી હતી. |
| 21. | પુલકેશિન બીજો | પુલકેશિન બીજાએ હર્ષવર્શનને નર્મદા કાંઠે હરાવ્યો હતો.ચીની મુસાફર હુન-એન-સાંગ તેના કાર્યકાળમાં ભારત આવ્યો હતો. |
| 22. | નરસિંહ દેવ | ગંગવંશના આ શાસકે કોણાર્કનું સુર્યમંદિર બનાવ્યું હતુ. |
| 23. | અનંતવર્ધન | ગંગવંશના આ શાસકે જગન્નાથપુરીના મંદિરનું નિર્માણ કરાવ્યુ હતું. |
| 24. | મોહમ્મદ બિનકાસમ | ઈ.સ.712માં ભારત પર આક્રમણ કરનાર પ્રથમ મુસ્લિમ આરબ. |
| 25. | કૃષ્ણદેવ રાય | આંધ્રભોજ નામે ઓળખાતો વિજયનગર સામ્રાજ્યનો સર્વશ્રેષ્ઠ શાસક.તેના દરબારમાં અષ્ટદિગ્ગજ તરીકે ઓળખાતા 8 પ્રસિદ્ધ વિદ્વાનો હતા. |
| 26. | પાણિનિ | સંસ્કૃત વ્યાકરણના પિતા, 'અષ્ટાધ્યાયી' પુસ્તકના રચયિતા. |
| 27. | પતંજલી | યોગ શાસ્ત્રના પ્રણેતા. પાણિનિના અષ્ટાધ્યાયી પર 'મહાભાષ્ય' ગ્રંથની રચના કરી હતી. |
| 28. | ચાર્વાક | ભારતીય દર્શનશાસ્ત્રી જેમણે ભૌતિકવાદી શાળા 'લોકાયત'ની સ્થાપના કરી. |
| 29. | વિજ્ઞાનેશ્વર | બારમી સદીનો વિદ્વાન જેમણે 'મિતાક્ષર વિધિ'ની સ્થાપના કરી. |
| 30. | કંબન | અગિયારમી સદીનો પ્રસિદ્ધ તમિલ કવિ, તમિલ ભાષામાં 'કમ્બન રામાયણ'ની રચના કરી. |
| 31. | પમ્પા,પન્ના અને રન્ના | બારમી સદીના કન્નડ ભાષાના કવિઓ જેમને કન્નડ સાહિત્યના ત્રિરત્નો કહેવામાં આવે છે. |
| 32. | ચાંદબીબી | બીજાપુરના રાજા આદિલશાહની પત્ની જે દક્ષિણ ભારતમાં ઔરંગઝેબની સાથે યુદ્ધ કરતાં વીરગતિ પામ્યાં. |

ANGEL ACADEMY GANDHINAGAR 7575 072 872

| | | |
|---|---|---|
| 33. | વાલ્મીકિ | સંસ્કૃતના ખ્યાતનામ કવિ અને 'રામાયણ'ના રચયિતા. |
| 34. | વેદવ્યાસ | પુરું નામ મહર્ષિ કૃષ્ણ દ્વૈપાયન વ્યાસ,સંસ્કૃત મહાકાવ્ય' મહાભારત'ના રચયિતા. શ્રીમદ ભગવદ ગીતાના રચયિતા. |
| 35. | સાયણ | (14મી સદી) વિજયનગર સામ્રાજયના શાસક હરિહર દ્વિતીયના મંત્રી. કુશળ રાજનિતિજ્ઞ અને સંસ્કૃત ભાષાના વિદ્વાન જેમણે વેદો પરના ભાષ્યોની રચના કરી. |
| 36. | હરિષેણ | ગુપ્તવંશના સમ્રાટ સમુદ્રગુપ્તના સેનાપતિ અને દરબારી કવિ અને 'પ્રયાગ પ્રશસ્તિ'ના રચયિતા. |
| 37. | યશોવર્મન(10 મી સદી) | ચંદેલ વંશના શાસક યશોવર્મને ખજુરાહોમાં વિષ્ણુ મંદિરનું નિર્માણ કરાવ્યુ હતું. |
| 38. | પોરસ | પંજાબનો હિંદુ રાજા. જેમણે હાઈડેસ્પીઝના યુદ્ધમાં અલેક્ઝાંડર-સિકંદરની વિજ્યકુચએ અટકાવી હતી. |
| 39. | શેરસાહ સૂરી | હુમાયુને દિલ્હીની ગાદી પરથી ઉથલાવી પાડનાર શાસક.જેણે ગ્રાંડ ટ્રંક રોડનું નિર્માણ કર્યું અને 1542માં રૂપિયાનું ચલણ શરૂ કર્યું. |
| 40. | ભામાશા | મહારાણા પ્રતાપને મુશ્કેલીના સમયમાં મદદ કરનાર દાનવીર. |
| 41. | બાજીરાવ પ્રથમ | હિંદુ શક્તિના અવતાર તરીકે ઓળખાતો પ્રતાપી પેશ્વા શાસક. |
| 42. | નાના ફડનવીસ | મેકિયાવલી તરીકે ઓળખાતો પેશ્વા. |
| 43. | અરવિંદ ઘોષ | દેશભક્ત અને ક્રાંતિકારી. પાછળથી અધ્યાત્મક તરફ વળ્યા. |
| 44. | અર્જુનદેવ | શીખોના પાંચમા ગુરુ જેમણે 'આદિગ્રંથ'નું સંકલન કર્યું. |
| 45. | અકબર | મુઘલ વંશનો ત્રીજો અને સૌથી યશસ્વી સમ્રાટ.જેણે દીન-એ-ઈલાહી ધર્મ શરૂ કર્યો. |
| 46. | સમ્રાટ અશોક | મૌર્યવંશનો ત્રીજો સમ્રાટ. જેણે ઈ.સ.પૂ.261માં કલિંગ વિજય પછી બૌદ્ધ ધર્મ અપનાવ્યો. |
| 47. | અહમદ શાહ અબ્દાલી | અફઘાન શાસક જેણે ઈ.સ.1761માં પાણીપતના ત્રીજા યુદ્ધમાં મરાઠાઓને હરાવ્યા. |
| 48. | અજાતશત્રુ | મગદ રાજા બિમ્બિસારનો પુત્ર જે ગૌતમબુદ્ધનો સમકાલીન હતો. |
| 49. | અમીર ખુસરો | તોતા-એ-હિંદ ઉપનામથી પ્રસિદ્ધ સાહિત્યકાર. જેણે તુઘલકનામા લખ્યું. અલાઉદ્દીન ખિલજીના દરબારી કવિ. |
| 50. | અબુલ ફઝલ | અકબરના નવરત્નોમાંના એક, જેમણે 'અકબારનામા'ની રચના કરી. |
| 51. | અબુલ કલામ આઝાદ | સ્વતંત્ર સેનાની, સ્વતંત્ર ભારતમાં પ્રથમ શિક્ષણપ્રધાન બન્યા. |

ANGEL ACADEMY GANDHINAGAR 7575 072 872

| | | |
|---|---|---|
| 52. | ખાન અબ્દુલ ગફારખાન | ‘સીમાંત ગાંધી’ તરીકે ઓળખાનાર.જેમણે ખુદાઈ ખિદમતનગરની સ્થાપના કરી. ભારતરત્ન મેળવનાર પ્રથમ વિદેશી. |
| 53. | ઈબ્નબતુતા | મોરક્કો દેશનો યાત્રી જે મોહમ્મદ તઘલકના શાસનકાળમાં ભારતમાં આવ્યો હતો. |
| 54. | ઈત્સિંગ | ચીની ભિક્ષુક અને યાત્રી. જે ઈ.સ.695માં ભારત આવ્યો હતો. |
| 55. | ઉપગુપ્ત | બૌદ્ધ ભિક્ષુક જે સમ્રાટ અશોકના ગુરુ અશોકે તેમની પાસેથી બૌદ્ધ ધર્મની દેક્ષા લીધી. |
| 56. | એની બેસન્ટ | આયરિશ મહિલા અને ભારતીય સ્વતંત્રતા આંદોલનની સમર્થક. ભરતીય રાષ્ટ્રીય કોંગ્રેસ 1917ની અધ્યક્ષા અને હોમ રૂલ ગીલની સ્થાપક. |
| 57. | એડમંડ હિલેરી | ન્યૂઝીલેન્ડના પર્વતરોહી. જેમણે તેનસિંગ સાથે માઉન્ટ એવરેસ્ટ પ્રથમવાર સર કર્યું. |
| 58. | ઔરંગજેબ | ભારતનો છેલ્લો પ્રભાવશાળી મુગલ શાસક તેની ધાર્મિક કટ્ટરતા અને અસહિષ્ણુતાને લીધે મુગલ સામ્રાજ્ય તેના અવસાન બાદ નબળું પડ્યું. |
| 59. | કુતુબદ્દીન ઐબક | દિલ્હીનો પ્રથમ મુસ્લિમ શાસક. જેણે 1206 થી 1210 સુધી શાસન કર્યું. |
| 60. | અલાઉદ્દીન ખીલજી | દિલ્હીનો સુલતાન જેણે બજાર નિયત્રણ કર્યું હતુ? |
| 61. | કૌટિલ્ય | ચંદ્રગુપ્ત મોર્યનો ગુરુ અને અર્થશાસ્ત્રનો રચયિતા |
| 62. | મંગળ પાંડે | ભારતીય સ્વતંત્રના પ્રથમ શહીદ.જન્મ ફૈઝાબાદ જિલ્લાના સુરહપુરગામ ગામમા . 8 એપ્રિલ 1857ના રોજ અંગ્રેજોએ ફાંસી આપી . |
| 63. | બહાદુરશાહ  ઝફર | મુગલ સામ્રાજયનો અંતિમ બાદશાહ.1857ના સંગ્રામનો નેતા .અંગ્રેજો |
| 64. | ઝાંસીની રાણી લક્ષ્મીબાઈ | 1857ના સ્વાંત્ર્ય સંગ્રામની વીરાંગના. મુળ નામ મનુ. અંગ્રેજો સામે લડાઈ કરતાં શહીદી વહોરી. |
| 65. | કેપ્ટન લક્ષ્મી સેહગલ | સુભાષચંદ્ર બોઝનાં શિષ્યા અને તેમણે સ્થાપેલ ઝાંસીની રાણી રેજિમેંટ નારીદળની આગેવાની લેનાર વીરાંગના, રાષ્ટ્રીપતિની ચુંટણી લડનાર પ્રથમ મહિલા. |
| 66. | દુર્ગાભીભી | રાવી તટે બોમ્બ પરીક્ષણમાં મૃત્યુ પામનાર ક્રાંતિકારી ભગવતીચરણ વોહરાનાં ધર્મ પત્ની, પોતે એક ક્રાંતિકારણી હતાં. |
| 67. | વી.પી.મેનન | સરદાર વલ્લભભાઈ પટેલના સચિવ, દેશી રાજ્યોના એકીકરણમાં સરદાર સાથે મહત્વની ભૂમિકા ભજવી. |

ANGEL ACADEMY GANDHINAGAR 7575 072 872

| | | |
|---|---|---|
| 68. | મોહનલાલ પંડ્યા | કઠલાલના સ્વાતંત્ર્ય સેનાની, ખેડા સત્યાગ્રહ દરમિયાન 'ડુંગરી ચોર' તરીકે જાણીતા થયા. |
| 69. | ડૉ.ચંદુલાલ દેસાઈ | છોટે સરદાર તરીકે ઓળખાતા સેવાભાવી ડૉક્ટર. ગાંધીજીના અંગત તબીબ. ઝંડા સત્યાગ્રહમાં મહત્વની ભૂમિકા. |
| 70. | નારાયણ દેસાઈ | દેશ-વિદેશમાં ગાંધી કથા કરનાર. હિંદ છોડો આંદોલનમાં ભાગ લેનાર સ્વાતંત્ર્ય સેનાની. 'અગ્નિકુંડમાં ઉગેલું ગુલાબ'ના લેખક. |
| 71. | ભુલાભાઈ દેસાઈ | પ્રખર ધારાશાસ્ત્રી જેમણે આઝાદ હિંદ ફોજના ત્રણ અફસરો પર લગાવવામાં આવેલ દેશદ્રોહના કેસમાં લાલ કિલ્લાનો મુકદ્દમો લડીને સ્વાતંત્ર્ય વીરોને મુક્ત કર્યા. |
| 72. | સ્વામી દયાનંદ સરસ્વતી | આર્યસમાજના સ્થાપક અને 'સ્ત્યપ્રકાશ' પુસ્તકના લેખક. 'વેદો તરફ પાછા વળો'નો નારો આપ્યો. |
| 73. | આચાર્ય વિનોબા ભાવે | ભૂદાન યજ્ઞના પ્રણેતા, પ્રથમ વ્યક્તિગત સત્યાગ્રહી અને 'સારી ભૂમિ ગોપાલ કી' સુત્ર આપનાર ગાંધીવાદી નેતા. |
| 74. | બાલ ગંગાધર તિલક | 'સ્વરાજ મારો જન્મસિદ્ધ અધિકાર છે'સુત્ર આપનાર. 'મરાઠા' અને 'કેસરી' સમાચારપત્રો બહાર પાડનાર રાષ્ટ્રવાદી અને ઉગ્રવાદી નેતા. |
| 75. | બંકિમચંદ્ર ચેટરજી | 'વંદે માતરમ' ગીતના રચયિતા અને 'દુર્ગેશ નંદની' અને આનંદમઠ' પુસ્તકોના રચયિતા બંગાળી સાહિત્યકાર. |
| 76. | ભગતસિંહ | ભારતના અમર ક્રાંતિકારી ભગતસિંહે અંગ્રેજ અધિકારી સૉન્ડર્સની હત્યા કરી, લાલા લજપતરાયની હત્યાનો બદલો લીધો. અંગ્રેજોએ તેમને 23 માર્ચ 1931ના રોજ ફાંસી આપી. |
| 77. | ભીમરાવ આંબેડકર | બંધારણના ઘડવૈયા. સ્વતંત્ર ભારતમાં પ્રથમ કાનુનીમંત્રી અને હરિજનો તથા પછાત વર્ગોના કલ્યાણ માટે સતત કાર્યશીલ, ભારતરત્નથી વિભુષિત મહાપુરુષ. |
| 78. | ચંદ્રશેખર આઝાદ | હિન્દુસ્તાન સોશ્યલિસ્ટ રિપબ્લિકેશન એશોએશિયેશનના સ્થાપક. ક્રાંતિકારી નેતા. અંગ્રેજોને હાથે પકડાવાને બદલે જાતે ગોળી મારી દેશને માટે શહીદ થયા. |
| 79. | ચિતરંજન દાસ | 'દેશબંધુ' ઉપનામથી ઓળખાતા સ્વાતંત્ર્ય સેનાની, 1922માં રાષ્ટ્રીય કોંગ્રેસના અધ્યક્ષ બન્યા. 'સ્વરાજ બધા માટે, કોઈ વર્ગ માટે નહી'નું સુત્ર આપ્યું. |
| 80. | દાદાભાઈ નવરોજી | હિન્દના દાદા તરીકે ઓળખાતા દાદાભાઈએ ત્રણ વાર રાષ્ટ્રીય કોંગ્રેસના અધિવેશનનું પ્રમુખપદ સંભાળ્યું. અંગ્રેજો ભારતનું આર્થિક શોષણ કરે છે તે નીતિ ખુલ્લી પાડનાર. |
| 81. | ગોપાલ હરિ દેશમુખ | 'લોકહિતવાદી' તરીકે જાણીતા બંગાળના ધાર્મિક સુધાકર, પરમહંદ મંડળીના સ્થાપક. |

ANGEL ACADEMY GANDHINAGAR 7575 072 872

| | | |
|---|---|---|
| 82. | ગોપાલકૃષ્ણ ગોખલે | મહારાષ્ટ્રના સુકરાત તરીકે જાણીતા. સર્વંટ ઓફ ઈંડિયા સોસાયટીના સ્થાપક અને ગાંધીજીના રાજનૈતિક ગુરૂ. |
| 83. | જવાહરલાલ નહેરુ | ભારતના પ્રથમ વડાપ્રધાન. કેબિનેટ મિશન પ્રસ્તાવમાં મહત્વની ભૂમિકા ભજવનાર. 'ડિસ્કવરી ઓફ ઈંડિયા' પુસ્તકના લેખક. |
| 84. | જ્યોતિબા ફુલે | મહારાષ્ટ્રના પુરંદરમાં જન્મેલા મહાન સમાજસુધારક. સત્યશોધક સમાજના સ્થાપક. સ્ત્રીશિક્ષણ પર મહત્વની કામગીરી કરનાર |
| 85. | ખુદીરામ બોઝ | કિંગ્સ ફોર્ડની હત્યા કરવાના પ્રયાસમાં ગુનામાં માત્ર 20 વર્ષની વયે ફાંસીને માચડે ચડનાર ક્રાંતિકારી, સ્વાતંત્ર્યસેનાની. |
| 86. | લાલા લજપતરાય | 'શેરે પંજાબ'ના નામથી જાણીતા 'પંજાબી' અને 'વંદે માતરમ' સામયિકોનું સંપાદન કરનાર ઉગ્રવાદી નેતા, સાયમન કમિશનના વિરોધમાં લાઠીચાર્જથી ઘવાતા પાછળથી મૃત્યુ પામ્યા. |
| 87. | મેડમ ભિખાઈજી કામા | રાષ્ટ્રીય ક્રાંતિની જનની મેડમ કામાએ 1907માં જર્મનીના સુઅર્ટગાર્ડમાં પ્રથમવાર દેશનો ઝંડો ફરકાવ્યો હતો. |
| 88. | મદનલાલ ધીંગરા | કર્નલ વાઈલીની ગોળી મારી હત્યા કરી. ફાંસીના માંચડે ચડી શહીદી વ્હોરનાર ક્રાંતિકારી સ્વાતંત્ર્ય સેનાની. |
| 89. | મદનલાલ માલવીય | બનારસ હિન્દુ વિશ્વવિદ્યાલયના સ્થાપક. ઉત્તમ પત્રકાર, વકીલ અને કોંગ્રેસના મવાળવાદી નેતા. |
| 90. | મહાદેવ દેસાઈ | ગાંધીજીના અંગત સચિવ, હિન્દ છોડો આંદોલનમાં સક્રિય ભૂમિકા, ઉત્તમ કક્ષાના ડાયરી લેખક. |
| 91. | મહાત્મા ગાંધી | ભારતના રાષ્ટ્રપિતા, સત્ય અને અહિંસાના સસ્ત્રોથી અંગ્રેજોને દેશ છોડવા ફરજ પાડનાર, 'સત્યના પ્રયોગો' જેવી ઉત્તમ આત્મકથા આપનાર, સાદું જીવન, ઉચ્ચ વિચારકો મુર્તિમંત કરનાર મહામાનવ. |
| 92. | વલ્લભભાઈ પટેલ | બારડોલી સત્યાગ્રહને લીધે સરદાર તરીકે નામના મેળવનાર. દેશી રાજ્યોનું વિલીનીકરણ કરનાર ભારતના બિસ્માર્ક, લોખંડી પુરુષ અને સ્વતંત્ર ભારતમા પ્રથમ ગૃહપ્રધાન અને નાયબ વડાપ્રધાન. |
| 93. | પ્યારે લાલ | મહાદેવભાઈ દેસાઈના અવસાનપછી ગાંધીજીના અંગત સચિવ તરીકે કામ કરનાર, આધુનિક ભારતના વ્યાસ. |
| 94. | રાજા રામમોહન રાય | બ્રહ્મોસમાજના સ્થાપક, ભારતમાં નવજાગૃતિના જ્યોતિર્ધર, સમાજ સુધારક. |
| 95. | રાજેન્દ્ર પ્રસાદ | ભારતીય સંવિધાન સભાના અધ્યક્ષ પદે રહેનાર, ભારતના પ્રથમ રાષ્ટ્રપતિ, તેમને ભારતરત્નથી નવાજવામાં આવ્યા. |
| 96. | રાજગોપાલાચારી | રાજાજી તરીકે ઓળખાતા, ભારતના અંતિમ ગવર્નર જનરલ, મદ્રાસના મુખ્યમંત્રી તરીકે કામગીરી કરનાર, 'સ્વતંત્રતા પાર્ટી'ના સ્થાપક. |
| 97. | શિવરાજ રાજગુરુ | ભગતસિંહના અંગત વિશ્વાસુ, ક્રાંતિકારી નેતા, સાંન્ડર્સની હત્યા કેસમાં રાજગુરુને પણ ભગતસિંહ અને સુખદેવ સાથે |

ANGEL ACADEMY GANDHINAGAR 7575 072 872

| | | |
|---|---|---|
| | | ફાંસીની સજા થઈ હતી. |
| 98. | રામપ્રસાદ બિસ્મિલ | કોઠોરી ટ્રેન લૂંટ કેસમાં ફાંસીની સજા પામનાર ક્રાંતિવીર 'સરફરોશી કી તમન્ના આજ હમારે દિલ મેં હૈ' જેવા ખુમારી ભર્યા શેરના રચયિતા. |
| 99. | સરોજિની નાયડુ | ભારતના અગ્રણી મહિલા સ્વાતંત્ર્ય સેનાની, 'ભારત-કોકિલા' બિરુદ પ્રાપ્ત કરનાર, ભારતના પ્રથમ મહિલા રાજ્યપાલ. |
| 100. | શ્યામજી કૃષ્ણવર્મા | વિદેશમાં રહી આઝાદીની લડત ચલાવનાર ક્રાંતિકારી, ઈન્ડિયા હોમરૂલ સોસાયટીના સ્થાપક. |
| 101. | સુરેન્દ્રનાથ બેનરજી | 'ભારતના અગ્રણી મહિલા સ્વાતંત્ર્ય સેનાની, 'ભારત-કોકિલા' બિરુદ પ્રાપ્ત કરનાર, ભારતના પ્રથમ મહિલા રાજ્યપાલ. |
| 102. | ઉધમસિંહ | ક્રાંતિકારી શીખ યુવક. જલિયાવાલા બાગ હત્યાકાંડનો બદલો લેવા જનરલ ડાયરની હત્યા કરી.ફાંસીને માંચડે ચડી શહીદી વહોરી. |
| 103. | વી.ડી.સાવરકર | આભિનવ ભારતી નામની ક્રાંતિકારી સંસ્થાના સ્થાપક, 1857નો સ્વાતંત્ર્ય સંગ્રામ પુસ્તકના લેખક. |
| 104. | તાત્યા ટોપે | મુળ નામ રામચંદ્ર પાંડુરંગ. 1857ના સંગ્રામના મહત્વના નેતા. |
| 105. | વ્યોમચંદ્ર બેનરજી | ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસના પ્રથમ અધ્યક્ષ, કોંગ્રેસના અલાહાબાદ અદિવેશનની અધ્યક્ષા કરી. |
| 106. | જતીન મુખરજી | 'જતીન બાધા'તરીકે ઓળખાતા બંગાળાનાઅ શ્રેષ્ઠ ક્રાંતિકારીઓમાંના એક. |
| 107. | જમનાદાસ બજાજ | ગાંધીજીના પાંચમાં પુત્ર તરીકે ઓળખાતા. 'ગાંધી સેવા સમાજ' અને 'ગો સેવા સંઘ'ના સ્થાપક. |
| 108. | એની બેસંટ | મૂળ આર્યલેંડનાં, ભારતીય થિયોસોફિકલ સોસાયટીનાં પ્રમુખપદે રહેનાર, ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસનું પ્રમુખપદ પણ સંભાળ્યું. |
| 109. | હૈદર અલી | મૈસુરના વાઘ તરીકે ઓળખાતા ટીપુ સુલતાનના પિતા, દક્ષિણ ભારતમાં અંગ્રેજોને હંફાવનાર મૈસુરનો સુલતાન. |
| 110. | કેશવરામ હેગડેવાર | ભારતના સ્વાતંત્ર્ય સેનાની અને રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના સ્થાપક. |
| 111. | રામ મનોહર લોહિયા | ભારતના સુપ્રસિદ્ધ વિચારક, રાજનિતિજ્ઞ અને સ્વાતંત્ર્ય સેનાની. |
| 112. | ટીપુ સુલતાન | મૈસુરના મહાન સુલતાન, અંગ્રેજોને તેણે દક્ષિણમાં હંફાવ્યા હતા, મૈસુરનો વાઘ. |
| 113. | મોરારજી દેસાઈ | ભારતરત્ન અને પાકિસ્તાન તરફથી 'નિશાને પાક' એવાર્ડ જીતનાર ભૂતપુર્વ પ્રથમ બિનકોંગ્રેસી વડાપ્રધાન. |
| 114. | સયાજીરાવ ગાયકવાડ | ભારતના સૌપ્રથમ મફત અને ફરજિયાત પ્રાથમિક શિક્ષણ કરનાર તેમજ એમ.એસ.યુનિવર્સિટીના સ્થાપક. |

| | | |
|---|---|---|
| 115. | જનરલ માણેકશા | ભારતીય ભૂમિદળના ગુજરાતી સેનાધિપતિ. જેમણે પાકિસ્તાન સામેના યુદ્ધમાં અદમ્ય સાહસ દેખાડ્યું હતું. |
| 116. | ગણેશ વાસુદેવ માવળંકર | ભારતની લોકસભાના પિતા, પાર્લામેંટના પ્રથમ સ્પીકર. 'માનવતાનાં ઝરણા'પુસ્તકના લેખક. |
| 117. | અરુણા આસફ અલી | અરણોપરાંત ભારતરત્ન એવોર્ડથી વિભૂષિત સ્વાતંત્ર્ય સેનાની.હિંદ છોડો આંદોલનમાં મહત્વની ભૂમિકા ભજવી હતી. |
| 118. | કનૈયાલાલ મુનસી | પ્રખર ધારાશાસ્ત્રી, રંગદર્શી સાહિત્યકાર, બંધારણ ઘડતરમાં મહત્વનો ફાળો આપનાર, ઉત્તર પ્રદેશના ભૂતપુર્વ રાજ્યપાલ, કેન્દ્રીય મંત્રી અને 'વન મહોત્સવ'નો પ્રારંભ કરાવનાર. |
| 119. | લાલબહાદુર શાસ્ત્રી | 'જય જવાન, જય કિસાન'નું સુત્ર આપનાર, સ્વાતંત્ર્ય સેનાની, ભારતના ભૂતપુર્વ વડાપ્રધાન, તાશ્કંદ કરારના બીજા દિવસે રશિયામાં મૃત્યુ થયું. તત્વજ્ઞાન સાથે સ્નાતક થવાથી 'શાસ્ત્રીની' ઉપાધિ મળી. બાકી મૂળ અટક 'શ્રીવાસ્તવ'. |
| 120. | વિજ્યાલક્ષ્મી પંડિત | યુનોની મહાસમિતિનાં પ્રથમ મહિલાપ્રમુખ, પંડિત જવાહરલાલ નહેરુનાં બહેન, સ્પેનનાં રાજદુત તરીકે અને મહારાષ્ટ્રના રાજ્યપાલ તરીકે કામગીરી કરનાર. |
| 121. | જયપ્રકાશ નારાયણ | સ્વાતંત્ર્ય સેનાની લોકનાયક. સર્વોદય અને ભૂદાન આંદોલનમાં સક્રિય ભૂમિકા ભજવનાર 'સમગ્ર ક્રાંતિ'નો નારો આપનાર. |
| 122. | ગોવિંદ વલ્લભ પંત | પ્રસિદ્ધ સ્વાતંત્ર્ય સેનાની અને ઉત્તરપ્રદેશના પ્રથમ મુખ્યમંત્રી. |
| 123. | ટી. પ્રકાશમ | આંધ્ર કેશરી તરીકે જાણેતા પ્રખ્યાત સ્વાતંત્ર્ય સેનાની. |
| 124. | શ્યામાપ્રસાદ મુખરજી | પ્રસિદ્ધ શિક્ષણશાસ્ત્રી, રાજનેતા, સમાજસેવક, ભારતના પ્રથમ વાણિજ્યમંત્રી અને 'જનસંઘ'ના સ્થાપક. |
| 125. | જનરલ રાજેન્દ્રસિંહ | બીજા વિશ્વયુદ્ધમાં પોતાનું અદ્વિતીય શૌર્ય બતાવનાર, તેમજ દેશી રાજ્યોના વિલીનીકરણ વખતે હૈદરાબાદના નિઝામની શાન ઠેકાણે લાવનાર લેફ્ટેનંટ. |
| 126. | ફિલ્ડ માર્શલ માણેકશા | ભારતીય સૈન્યના ભૂમિદળના ભૂતપુર્વ વડા અને 1962ના ચીની આક્રમણ વખતે કોર કમાંડની જવાબદારી નિભાવનાર તેમજ 1971માં પુર્વ પાકિસ્તાન સાથેના યુદ્ધમાં શ્રેષ્ઠ કામગીરી કરનાર સેનાપતિ. |
| 127. | છત્રપતિ શિવાજી | ભારતમાં મરાઠા શાસનના સ્થાપક. હિંદુ સ્વરાજના હિમાયતી, ઔરંગઝેબ સાથે સતત સંઘર્ષ કરીને મુઘલ સામ્રાજ્યને હચમચાવી નાખ્યુ6. |
| 128. | દારા શિકોહ | 'લઘુ અકબર' તરીકે ઓળખાતો, ભારતીય ધર્મગ્રંથોનો અભ્યાસ કરી ફારસીમાં અનુવાદ કરનાર, શાહજહાંનો સૌથી મોટો પુત્ર જેને ઔરંગઝેબે મરાવી નાખ્યો હતો. |

| | | |
|---|---|---|
| 129. | બાળાસાહેબ ઠાકરે | કાર્ટૂનિસ્ટ તરીકે પોતાની કારકિર્દી શરૂ કરનાર, 1966માં શિવસેનાની સ્થાપના કરનાર, પોતાના સ્વાતંત્ર વિચારોને નિર્ભીકપણે વાચા આપનાર રાજપુરુષ. |
| 130. | સી.એન.અન્નાદેરાઈ | તનિલનાડુના ખુબ લોકપ્રિય મુખ્યમંત્રી, ડી.એમ.કે.ના સ્થાપક, તમિલ ભાષાના લેખક. |
| 131. | જ્યોતિ બસુ | સતત પાંચ ટર્મ સુધી પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી રહેનાર કમ્યુનિસ્ટ નેતા. |
| 132. | ગોપીનાથ બારડોલોઈ | આધુનિક આસામના નિર્માતાઓમાંના એક. આઝાદી પહેલા બ વખત આસામના મુખ્યમંત્રી પદે રહેનાર, ભારતરત્ન વિજેતા શિક્ષણશાસ્ત્રી. |
| 133. | આચાર્ય રામાનુજ | બારમી સદીમાં તમિલનાડુમાં જન્મેલ રામાનુજે દક્ષિણ ભારતમાં વૈષ્ણવધર્મ અને વિશિષ્ટ અદ્વૈતવાદનું પ્રતિપાદન કર્યું. |
| 134. | નિમ્બાકાચાર્ય | રામાનુજના સમકાલીન નિમ્બાકાચાર્ય રાધાકૃષ્ણના ઉપાસક હત, તેમણે દ્વૈતાદ્વૈતવાદનું પ્રતિપાદન કર્યું. |
| 135. | માધવાચાર્યા | વિષ્ણુના ઉપાસક. માધવાચાર્યે દ્વૈતવાદનું પ્રતિપાદન કર્યું. |
| 136. | રામાનંદ | અલાહાબાદના કાન્યકુબ્જ બ્રાહ્મણ પરિવારમાં જન્મેલ રામાનંદ ઉત્તર ભારતમાં ભક્તિ આંદોલનના મુખ્ય પ્રવર્તક હતા. |
| 137. | કબીર | કાશીના વણકર પરિવારમાં ઉછરેલ કબીર રામાનંદના શિષ્ય હતા. સામાજિક દુષણોનો વિરોધ કરનાર કબીર નિર્ગુણ બ્રહ્મના ઉપાસક હતા, 'બીજક'ના રચયિતા. |
| 138. | વલ્લભાચાર્ય | કૃષ્ણના ઉપાસક વલ્લભાચાર્ય શુદ્ધાદ્વૈતવાદનું પ્રતિપાદન કર્યું. |
| 139. | ચૈતન્ય મહાપ્રભૂ | બંગાળમાં જન્મેલ ચૈતન્ય મહાપ્રભુ કૃષ્ણના ઉપાસક. જેમણે કર્મકાંડ અને બાહ્ય આડંબરોનો વિરોધ કર્યો. |
| 140. | ગુરુ નાનક | 1469માં હાલ પાકિસ્તાન સ્થિત તલવંડીનાં જન્મેલ નાનક શીખધર્મના સ્થાપક ગણાય છે. જેમણે એકેશ્વરવાદનું પ્રતિપાદન કર્યું. |
| 141. | રોહિદાસ | કબીરના સમકાલીન રોહિદાસ નિર્ગુણ ભક્તિના સમર્થક હતા. તેઓ મીરાંબાઈના ગુરુ હતા. |
| 142. | મીરાંબાઈ | મેડતાના રાઠોડ રત્નસિંહની પુત્રી બાળપણથી કૃષ્ણભક્તિના રંગે રંગાયેલી હતી. કૃષ્ણ-ભક્તિનો પ્રચાર-પ્રસાર કર્યો. |
| 143. | નરસિંહ મહેતા | ગુજરાતી ભાષાના આદિકવિ, કૃષ્ણભક્તિના રંગે રંગાયેલ ભક્તિ કવિ, નાત-જાતના ભેદભાવનો વિરોધ કરનાર નરસિંહ મહેતા તેમના પ્રભાતિયા માટે જાણીતા છે. |
| 144. | દાદુ | 1544માં અમદાવાદમાં જન્મેલા આ સંતે બ્રહ્મ સંપ્રદાયની સ્થાપના કરી. |
| 145. | નામદેવ | (14મી સદી)મહારાષ્ટ્રમાં ભક્તિ આંદોલનના મુખ્ય પ્રવર્તક સંત માનદેવે જાતિ-ભેદ અને બાહ્ય આડંબરોનો જોરદાર |

| | | |
|---|---|---|
| | | વિરોધ કર્યો. |
| 146. | એકનાથ | મહારાષ્ટ્રના સંતે ચારિત્રય શુદ્ધિ અને સમાજસુધારણા પર વિશેષ ભાર મૂક્યો. |
| 147. | સુરદાસ | 16મી સદીના કૃષ્ણભક્તિથી રંગાયેલા જન્મથી અંધ સંતકવિ જેમણે સુરસાગર, સુર સારાવલી ગ્રંથોની રચના કરી.પુષ્ટીમાર્ગના જહાજ તરીકે ઓળખાયા. |
| 148. | તુલસીદાસ | ઈ.સ.1532માં ઉત્તરપ્રદેશના રાજાપુર ગામમાં જન્મેલ તુલસીદાસ હિન્દીના મહાન કવિ છે.રામભક્તિના ઉપાસક તુલસીદાસે રામચરિત્ર માનસનો વિશ્વપ્રસિદ્ધ ગ્રંથ આપ્યો છે. |
| 149. | ગોરખનાથ | ઉત્તર ભારતમાં નાથપંથી આંદોલનના પ્રવર્તક ગોરખનાથે જ્ઞાતિપ્રથાનો વિરોધ કર્યો. |
| 150. | શંકરદેવ | આસામના વૈષ્ણવધર્મી ઉપાસક અને સુધારક કે જેમણે પસુબલિનો વિરોધ કરી ભક્તિનો પ્રચાર કર્યો. |
| 151. | સ્વામી વિરજાનંદ | સ્વામી દયાનંદ સરસ્વતીના ગુરુ અને સમાજસુધારક, 'શબ્દબોધિ' ગ્રંથના રચયિતા. |
| 152. | સુંદરદાસ | તેઓ દાદુદયાલના શિષ્ય હતા.તેમનો જન્મ રાજસ્થાનના વણિક પરિવારમાં થયો હતો. |
| 153. | વીરભાણ | તેમનો જન્મ પંજાબમાં થયો હતો.તેમણે સતનામી પંથની સ્થાપના કરી. તેમણે જાતિવાદ અને મૂર્તિપૂજાનો વિરોધ કર્યો. |
| 154. | બહિનાબાઈ | મહારાષ્ટ્રની આ મહિલા સંત તુકારામને પોતાના ગુરુ માનતાં હતા. |
| 155. | શંકરાચાર્ય(જન્મ-788) | ભારતના મહાન દાર્શનિક, હિંદુ ધર્મ પુનરુત્થાન માટે સક્રિય કામગીરી કરી, દેશમાં ચાર મઠોની સ્થાપના કરી. |
| 156. | તુકારામ(જન્મ-1608) | મહારાષ્ટ્રના આ સંત પંઢરપુરના વિઠ્ઠલ ભગવાનના પરમ ભક્ત હતા.તેમની 'અભંગો' વખણાય છે. |
| 157. | જ્ઞાનદેવ(ઈ.સ.1270-1350) | મહારાષ્ટ્રમાં ભક્તિ આંદોલનના શ્રીગણેશ કરનાર, માત્ર પંદર વર્ષની વયે ભગવદ ગીતા પરની પ્રસિદ્ધ ટીકા 'જ્ઞાનેશ્વરી'લખી. અમૃતાનુભવનના રચયિતા. |
| 158. | | |
| 159. | રામદાસ(જન્મ 1608) | શિવાજીને પ્રેરણા પુરી પાડનાર 'દાસબોધ'ના રચયિતા, આધ્યાત્મિક અને સાંસારિક જીવનને જોડનાર સંત. |
| 160. | સલીમ શાહ ચિશ્મી(12મી સદી) | મહાન સુફી સંત જેમના આશીર્વાદથી અકબરને પુત્રરત્ન પ્રાપ્ત થયું. તેમની દરગાહ ફતેહપુર સિક્રીમાં છે. |
| 161. | બંદે નવાઝ | ઈસ્લામ ધર્મના મધ્યકાલીન સુફી સંત અને કવિ,હિન્દુ-મુસ્લિમ ઐક્ય માટે કાર્ય કર્યું. |
| 162. | મલિક મુહમ્મદ જાયસી | ભારતના મહાન સુફીવાદી સંત અને હિંદી ભાષાના ઉત્તમ કવિ ,'પદ્માવત'ના રચયિતા. |

ANGEL ACADEMY GANDHINAGAR 7575 072 872

| | | |
|---|---|---|
| 163. | ગુરુ ગોવિંદ સિંહ | પટનામાં જન્મેલા, શીખોના દસમાં ગુરુ, ખાલસા પંથના સ્થાપક. |
| 164. | બાસવેશ્વર(બારમી સદી) | કર્ણાટકમાં લિંગાયત સંપ્રદાયના સ્થાપક સંત. |
| 165. | શ્રીમદ રાજચંદ્ર | ગાંધીજીના આધ્યાત્મિક ગુરુ,શતાવધાની અને 'સાક્ષાત સરસ્વતીનું બિરુદ' પ્રાપ્ત કરનાર પ્રખર જ્ઞાની પુરુષ. |
| 166. | પૂજ્ય મોટા | મૂળ નામ ચુનીલાલ આશારામ ભગત, માંવ કલ્યાણના હિમાયતી, રાષ્ટ્રવાદી સંત અને 'હરિ ઓમ આશ્રમ'ના સ્થાપક. |
| 167. | સ્વામી સહજાનંદ | જન્મ અયોધ્યા પાસેના છપૈયામાં, મુળ નામ નીલકંઠ, સ્વામીનારાયણ સંપ્રદાયના સ્થાપક. |
| 168. | શેખ અહમદ ખટ્ટ ગંજબક્ષ | ભારતના છ મોટા પીરોમાંના એક મુસ્લિમ સંત. અમદાવાદના સ્થાપક અહમદશાહના ગુરુ. |
| 169. | રંગ અવધુત | નર્મદાકાંઠે નારેશ્વર આશ્રમના સ્થાપક અને આર્યસંસ્કૃતિના પુરસ્કર્તા સંતપુરુષ. |
| 170. | ચિન્મયાનંદ | મૂળ નામ બાલકૃષ્ણ મેનન. જન્મ કેરળમાં ભારતીય તત્વજ્ઞાન અને વદાંત વિચારસરણીના પ્રખરપુરસ્કર્તા. |
| 171. | ધર્માનંદ કોસંબી | બૌદ્ધ ધર્મના ઉંડા અભ્યાસુ, જન્મ ગોવા રાજ્યમાં |
| 172. | રમણ મહર્ષિ | ઉત્તર કોટિના સંત, અધ્યાત્મવાદી અને પ્રખર દર્શનશાસ્ત્રી, મૂળ નામ વ્યંકટરામન. 'રમણગીતા' અને 'ઉપદેશસાર'ના રચયિતા. |
| 173. | રવિશંકર મહારાજ | ગુજરાતના મૂકસેવક. કળિયુગના ઋષિ તરીકે જાણીતા લોકસેવક, ગુજરાત જનક, ગુજરાત રાજ્યનું ઉદઘાટન તેમના હાથે થયું. |
| 174. | શંકરાચાર્ય સ્વરૂપાનંદ સરસ્વતીજી | વિદ્વાન અને વિચક્ષણ બુદ્ધિ ધરાવતા ધર્મપુરુષ, દ્વારકા શારદાપીઠના મઠાધિપતિ. |
| 175. | સ્વામી ગંગેશ્વરાનંદજી | વેદભાષ્યકારોમાં વિશિષ્ટ સ્થાન ધરાવનાર પ્રખર પ્રજ્ઞાચક્ષુ સંન્યાસી, 21 કિલોગ્રામ વજન ધરાવતા ગ્રંથ 'ભગવાન વેદ'ના રચયિતા, 'ચતુર્વેદ ભાષ્કાર' તરીકે ખ્યાતિ પ્રાપ્ત વિદ્વાન. |
| 176. | ઉપગુપ્ત | બૌદ્ધ ધર્મના પ્રચારક સાધુ, સમ્રાટ અશોકને બૌદ્ધધર્મની દિક્ષા આપી. |
| 177. | દાદા ભગવાન | દાદા ભગવાન તરીકે ઓળખાતી આધ્યાત્મિક વિભૂતિ.જીવનનાં ગૂઢ રહસ્યોને પાર પામી 'અક્રમવિજ્ઞાન'નો માર્ગ ચીંધનાર. મુળ નામ અંબાલાલ. |
| 178. | પુનિત મહારાજ | સેવા પરાયણ સંત, લોકભજનિક,'જનકલ્યાણ'ની સાહિત્યિક પ્રવૃતિથી લોકસેવા કરનાર.પુનિત સેવાશ્રમના સ્થાપક. |

| | | |
|---|---|---|
| 179. | પ્રમુખ સ્વામી | સ્વામીનારાયણ સંપ્રદાયના પ્રમ આદરણીય સદગુરૂ. દેશ- વિદેશમાં સ્વામીનારાયણ સંપ્રદાયના અનેક મંદિરોના પ્રેરક, સંતપુરુષ. મૂળ નામ શાંતિલાલ. |
| 180. | દાદા પાંડુરંગ આઠવલે | સ્વાધ્યાય પ્રવૃતિ વડે સમાજમાં સામાજિક –આધ્યાત્મિક ક્ષેત્રે આમૂલ પરિવર્તન લાવનાર, રેમન મેગ્સેસે એવોર્ડ અને ટેંપલ્ટન એવોર્ડ વિજેતા મહાપુરુષ. |
| 181. | ડાંગરેજી મહારાજ | ભાગવત કથાઓ દ્વારા પ્રજામાં સંસ્કાર સિંચનનું અમુલ્ય પ્રદાન કરનાર કથાકાર. જન્મસ્થળ ઈન્દોર. |
| 182. | ઈન્દિરા બેટીજી | સંનિષ્ઠ સમાજસેવિકા, પુષ્ટિમાર્ગના શ્રદ્ધેય વિદૃષી અને ખ્યાતનામ કથાકાર, જન્મ સ્થળ સુરત, 'શ્રાવણી શ્યામકિંકર' તેમનું સાહિત્યિક ઉપનામ છે. |
| 183. | મોરારિ બાપુ | રામકથાના સુપ્રસિદ્ધ કથાકાર મોરારિદાસ હરિયાણી, અસ્મિતા પર્વના આયોજક અને સાહિત્યકારોને દર વર્ષે નરસિંહ મહેતા એવોર્ડથી બિરદાવનાર ઉત્તમ કથાકાર. |
| 184. | રમેશ ભાઈ ઓઝા | દેશ- વિદેશમાં રામાયણ અને ભાગવતનું રસપાન કરાવનાર સુપ્રસિદ્ધ કથાકાર, સાંદીપનિ વિદ્યાનિકેતનના સ્થાપક. |
| 185. | મુનિશ્રી જિનવિજયજી | જન્મે ક્ષત્રિય હોવા છતાં જ્ઞાનપિપાસા સંતોષવા જૈન ધર્મની દીક્ષા લેનાર જૈન તત્વદર્શક અને લિપિશાસ્ત્રના વિદ્વાન. |
| 186. | મુનિ પુણ્યવિજયજી | પ્રાચીન જૈન સાહિત્યની હજારો હસ્તપ્રતોની લિપિ ઉકેલી તેનું વ્યવસ્થિત સંપાદન કરનાર વિદ્વાન. |
| 187. | મુનિ | પ્રાચીન ભારતના પ્રથમ કાનુન નિર્માતા અને 'મનુસ્મૃતિ'ના રચયિતા. |
| 188. | દલાઈ લામા | તિબેટના આધ્યાત્મિક નેતા, હિમાચલ પ્રદેશમા ધરમશાળામાં શરણાર્થી તરીકે રહેનાર, શાંતિ માટે નોબલ પ્રાઈઝ મેળવનાર. |
| 189. | આચાર્ય રજનીશ | 'ઓશો' તરીકે ઓળખાતા વિશ્વના શ્રેષ્ઠ ફિલસુફોમાંના એક. |
| 190. | શ્રી શ્રી રવિશંકર મહારાજ | આર્ટ ઓફ લિવિંગના પ્રણેતા. વિશાળ અનુયાયીવર્ગ ધરાવનાર આધ્યાત્મિક પુરુષ. |
| 191. | નંદલાલ બોઝ | પદ્મવિભૂષણથી વિભૂષિત પશ્ચિમ બંગાળનાં સુપ્રસિદ્ધ ચિત્રકાર.શાંતિ નિકેતન કલાભવનના ડાયરેકટર તરીકે સેવા આપી. |
| 192. | રુકિમણી દેવી અરુનલા | સુપ્રસિદ્ધ શાસ્ત્રીય નૃત્યાંગના. |
| 193. | બિસ્મિલ્લા ખાન | વિશ્વવિખ્યાત શહનાઈવાદક. ભારત સરકારે પદ્મભુષણ અને નેપાળ સરકારે નેપાળ અકાદમી એવોર્ડથી નવાજ્યા. |
| 194. | વૈજયંતીમાલા બાલી | ભરતનાટ્યમ નૃત્યની વિખ્યાત નૃત્યાંગના, ફિલ્મ અભિનેત્રી, રાજ્યસભાના નિયુકત સભ્ય તરીકે પસંદ થયાં. |

ANGEL ACADEMY GANDHINAGAR 7575 072 872

| | | |
|---|---|---|
| 195. | ચૌદાયાદ્દ | સમગ્ર ભારતમાં સુપ્રસિદ્ધ થયેલ કર્ણાટકના વાયોલિનવાદક. સાત તાર ધરાવતા વાયોલિનની શોધ કરી. |
| 196. | મુથ્થુસ્વામી દેક્ષિત | અનેક ભજનોને તમિલ ભાષામાં લયબદ્ધ કરનાર તમિલનાડુના કર્ણાટકીય પરંપરાના સંગીતશાસ્ત્રી. |
| 197. | પન્નાલાલ ઘોષ | બંગાળમાં જન્મેલ અને સમગ્ર ભારતમાં વિખ્યાત બંસરીવાદક. |
| 198. | કૃષ્ણ હેબ્બાર | કર્ણાટકના સુપ્રસિદ્ધ ચિત્રકાર જેમનાં ચિત્રોનું દેશ-વિદેશમાં પ્રદર્શનો ભરાયા છે. |
| 199. | એમ.એફ.હુસેન | મહારાષ્ટ્રના વિશ્વવિખ્યાત ચિત્રકાર.જે હંમેશા વિવાદાસ્પદ રહ્યા છે. |
| 200. | ભીમસેન જોષી | ભારતરત્ન વિજેતા સરોદવાદક ગાયક અને પ્લેબેક સિંગર. |
| 201. | અલ્લાઉદ્દીન ખાન | ત્રિપુરાના સુપ્રસિદ્ધ સરોદવાદક અને સંગીતશાસ્ત્રી. |
| 202. | અલી અકબર ખાન | માત્ર ચૌદ વર્ષની ઉંમરે સમગ્ર ભારતમાં નામના મેળવનાર સરોદવાદક. 'લાજવંતી' નામનો લોકપ્રિય રાગ ઉપરાંત અનેક રાગો આપ્યા. |
| 203. | રાજા રવિ વર્મા | કેરળના રાજવી પરિવારમાં જન્મેલા ભારતના પ્રખ્યાત ચિત્રકાર. 'શકુંતલા' અને 'નળ દમયંતિ' ચિત્રોના સર્જક. |
| 204. | વિષ્ણુ દિગંબર પુલસ્કર | મહાન સંગીતશાસ્ત્રી. તેમણે લયાબદ્ધ કરેલ પ્રસિદ્ધ રામધુન 'રઘુપતિ રાઘવ રાજા રામ' ગાંધીજીને ખુબ ગમેલી. |
| 205. | પંડિત ઓમકારનાથ ઠાકુર | ગુજરાતમાં જન્મેલ વિશ્વવિખ્યાત શાસ્ત્રીય સંગીતના નિષ્ણાત. બુડાપેસ્ટમાં મળેલ સંગીત પરિષદમાં ભારતનું પ્રતિનિધિત્વ કરી વિશ્વના ગાયકોને ચકિત કરી દીધા હતા. |
| 206. | પ્રભાશંકર સોમપુરા | ગુજરાતમાં જન્મેલ, પદ્મશ્રીથી વિભૂષિત સ્થાપત્ય શાસ્ત્રના નિષ્ણાત. સોમનાથ મંદિરનું સ્થાપત્ય નિર્માણ કરનાર શ્રી સોમપુરાએ શિલ્પ- સ્થાપત્યનાં અનેક પુસ્તકો લખ્યા છે. |
| 207. | વિષ્ણુ નારાયણ ભાતખંડે | ભારતીય સંગીતશાસ્ત્રના પ્રસિદ્ધ સંગીતાચાર્ય, 'લક્ષ્ય સંગીતા' અને 'અભિનવરંગ મંજરી'ના લેખક. |
| 208. | લતા મંગેશકર | ચલચિત્ર ઉદ્યોગ બોલીવુડની વિખ્યાત કોકિલકંઠી પાર્શ્વગાયિકા. |
| 209. | મલ્લિકાર્જુન મંસુર | પદ્મભૂષણથી વિભૂષિત કર્ણાટકના સુપ્રસિદ્ધ શાસ્ત્રીય ગાયક. |
| 210. | ઝૂબિન મહેતા | ભારતના સુપ્રસિદ્ધ પાશ્ચાત્ય સંગીતના પુરસ્કર્તા. વિભિન્ન દેશોમાં વેસ્ટર્ન મ્યુઝિકના કાર્યક્રમો આપનાર. |
| 211. | આર.કે.લક્ષ્મણન | પ્રખ્યાત નવલકથાકાર આર.કે.નારાયણના બંધુ અને ટાઈંસ ઓફ ઈંડિયામાં વ્યંગચિત્રો આપનાર કાર્ટુનિસ્ટ. |

ANGEL ACADEMY GANDHINAGAR 7575 072 872

| | | |
|---|---|---|
| 212. | પિરાજી સાગરા | સમગ્ર ભારતમાં નામના મેળવનાર ગુજરાતના સુપ્રસિદ્ધ ચિત્રકાર. |
| 213. | અમૃતા શેરગીલ | હંગેરીમાં જન્મેલા અને ભારતમાં સ્થાયી થયેલા સુપ્રસિદ્ધ ચિત્રકાર. |
| 214. | શંભૂ મહારાજ | ભારતના પ્રખ્યાત કથ્થક નૃત્યકાર. |
| 215. | એમ.એસ.શુભલક્ષ્મી | સમગ્ર ભારતમાં લોકપ્રિય બનેલા કર્ણાટકનાં ગાયિકા. મેગ્સેસે એવોર્ડથી વિભૂષિત આ ગાયિકાને 'સંગીત કલાનિધિ'ની પદવી અપાઈ હતી. |
| 216. | શૌકત અલી મીર | 'ટીપુ સુલતાન' અને 'હૈદર અલી' જેવા પ્રખ્યાત ચિત્રોના સર્જક અને સમગ્ર ભારતમાં સુપ્રસિદ્ધ થયેલા ચિત્રકાર. |
| 217. | તાનસેન | અકબરના નવ રત્નોમાંનો એક એવો સુવિખ્યાત સંગીતશાસ્ત્રી. ધ્રુપદ સંગીત શૈલીને લોકપ્રિય બનાવનાર આ સંગીતકારને હિન્દુસ્તાની સંગીતના જનક તરીક ઓળખવામાં આવે છે. |
| 218. | આદિત્યરામ વ્યાસ | ગુજરાતના પ્રથમ પંક્તિના સંગીતકાર અને 'સંગીતાદિત્ય' ગ્રંથના રચયિતા. |
| 219. | અસાઈત | ગુજરાતી ભવાઈના ભીષ્મ પિતામહ અને 'હંસા-ઉલી'ના રચયિતા. |
